રાજભવન, ગાંધીનગર.
તા. ૦૯/૦૩/૨૧૦૫

**શ્રી નારાયણરાવ ભાંડારીના દુઃખદ નિધન પર શોક વ્યકત કરતા રાજયપાલશ્રી**

---

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ કર્મઠ લોકસેવક અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વરિષ્ઠ કાર્યકર્તા શ્રી નારાયણરાવ ભાંડારીના દુઃખદ નિધન પર ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે.

તેમના શોક સંદેશમાં રાજયપાલશ્રીએ જણાવ્યું છે કે સ્વર્ગસ્થ નારાયણરાવ ભાંડારીએ જીવનપર્યંત સેવા–સમર્પણની ભાવનાને જીવનમંત્ર બનાવી દીધું હતું. તેઓ વિદ્યાર્થીઓ માટે એક આદર્શ શિક્ષક અને સાચા માર્ગદર્શક રહયા હતા. તેમના નિધનથી આપણે એક કર્મઠ મનીષી ગુમાવ્યો છે, જેની ખોટ કયારેય નહીં પુરાય.

ઈશ્વર દિવંગતને ચિરશાંતિ પ્રદાન કરે અને તેમના પરિવાર અને સ્નેહીજનોને આ અસહનીય દુઃખ સહન કરવાની શકિત આપે, તેવી રાજયપાલશ્રીએ પ્રાર્થના કરી છે.

—

**સ્વર્ગસ્થ શ્રી નારાયણરાવ ભાંડારીના પાર્થિવદેહ પર પુષ્પાંજલિ અર્પતા રાજયપાલશ્રી**

---

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ આજે અમદાવાદમાં સ્વર્ગીય શ્રી નારાયણરાવ ભાંડારીના નિવાસ સ્થાને જઈ સ્વર્ગસ્થના પાર્થિવદેહને પુષ્પાંજલિ અર્પી હતી. રાજયપાલશ્રીએ સ્વર્ગસ્થના ધર્મપત્ની શ્રીમતી શશિકલાબેનને અને અન્ય પરિજન તથા સ્નેહીજનોને સાંત્વના પાઠવી હતી.

---

પ્રેસ સચિવ